R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 19/20 DATE: 20-05-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## સાયબર હુમલાથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ : ૧૦૦ દેશોમાં લાખો કોમ્પ્યુટર ઠપ્પ થયા અને ખંડણીના સંદેશાઓ વહેતા થયા

લગભગ સમગ્ર વિશ્વમાં એક સાથે સાયબર એટેક કરવામાં આવતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.આ રેન્સમવેર એટેકમાં અમેરિકા,ફ્રાંસ,નોર્વે,સ્વિડન,ભારત,યુકે, બ્રિટન,તુર્કી,વિયેતનામ, ફીલીપાઈન્સ, રશિયા,અને જાપાન સહિતના અનેક દેશોના લાખો કોમ્પ્યુટર્સને હેક કરવામાં આવ્યા હતા.દરેક કોમ્પ્યુટર પર ૩૦૦ ડોલરની ખંડણી આપવાના મેસેજ આપવામાં આવ્યા હતા.બિટકોઈન સ્વરુપે આ રકમ માંગવામાં આવી હતી. જેથી વર્ચ્યુઅલ કરન્સીને કારણે હેકર્સને શોધી શકાય નહીં.જો ખંડણી આપવામાં વિલંબ થાય તો ત્રણ દિવસમાં આ રકમ બમણી કરીને ૬૦૦ ડોલર કરાય છે.અને સાત દિવસમાં પૈસા ન મળે તો ફાઈલો ડીલીટ કરી દેવાય છે.

આખા વિશ્વને સાયબર એટેકે હચમચાવ્યા પછી સાયબર સિક્યુરીટી નિષ્ણાતોએ અસરગ્રસ્ત સિસ્ટમને ફરી કાર્યરત કરવામાં સમય વિતાવ્યો હતો. રશિયાના બેન્કો, ભારતના પોલીસ મથકો, બ્રિટનની હોસ્પીટલો અને ફ્રાંસની કાર બનાવતી કંપનીઓ આ સાઈબર એટેકનો ભોગ બની હતી.હેલસિન્કીની સાઈબર સિક્યુરીટી કંપની એફ સિક્યોરના વડા મિક્કો હાયપોનને કહ્યુ હતું કે આ અત્યાર સુધીનો સૌથી વધુ પ્રભાવિત એટેક હતો.આના કારણે એકલાખ ત્રીસ હજારથી વધુ સિસ્ટમ ખોરવાઈ ગઈ હતી. રશિયા અને ભારતમાં જુની વિન્ડોઝ એક્સપી સિસ્ટમનો ઉપયોગ થાય છે જે સુરક્ષિત ન હોવાનો દાવો તેમણે કયો હતો.સાઈબર સુરક્ષા એજન્સીઓ હવે આ હેકર્સને શોધવા સક્રિય બની છે.આ સાઈબર એટેક અણધાર્યો હતો.જેથી બિઝનેસ અને તમામ પ્રકારની કંપનીઓ તેની ઝપટમાં આવી ગઈ હતી.

## ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની એજીએમ મળશે જેમાં આફ્રિકના ૧૦ દેશોના ડેલિગેટ્સ પધારશે

તા.૨૨ થી ૨૬ મે દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની એન્યુઅલ જનરલ મીટીંગ મળી રહી છે. આ મીટીગમાં ૧૦ આફ્રિકન દેશોના પ્રતિનિધિઓ હાજરી આપશે.ગુજરાત સરકાર દ્વારા આ મીટીગમાં ભાગ લેવા આવનારા ૪૫૦૦ ડેલીગેટ્સની આગતા સ્વાગતા સરકાર તરફથી કરવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મીટીંગમાં ભાગ લેવા આવનાર છે તેથી સમગ્ર ઈવન્ટની જોરદાર તૈયારીઓ શરુ કરવામાં આવી રહી છે.આફ્રિકાથી આવતા ડેલીગેટ્સને ભારતમાં પ્રવેશતાં પહેલાં યલો ફિવર વેક્સિન લેવા મેડીકલ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.સલામતી માટે અમદાવાદ ગાંધીનગર વહીવટી તંત્ર અને પોલીસ તંત્રને રાજ્ય સરકારે એલર્ટ રહેવા આદેશો આપ્યા છે.આફ્રિકન દેશોના પ્રેસિડેન્ટ, પ્રીમીયર અને પ્રાઈમ મીનીસ્ટરથી લઈને હાઈ લેવલ ડેલિગેટ્સના રોકાણથી લઈને ટ્રાન્સપોર્ટેશન,ભોજન વ્યવસ્થાઓ માટે હોટલની પસંદગીને આખરી ઓપ અપાયો છે.

## જસ્ટીસ કરનન પોલીસને થાપ આપી ગુમ થઇ ગયા

પોલીસને થાપ આપી ગુનેગારો ભાગી જાય અને પોલીસ હાથ ઘસતી રહી જાય તેવો ઘાટ હાઈકોર્ટના જજને પકડવા માટે ગયેલી પોલીસના થયા.સુપ્રીમ કોર્ટના આદેશના પગલે કોલકત્તા હાઈકોર્ટના જજ કરનનની ધરપકડ માટે ગયેલી પોલીસ ધરપકડ કરવામાં નિષ્ફળ ગઈ હતી.પોલીસ તેમને શોધી શકી ન હતી.સુપ્રીમ કોર્ટે કરનનને છ મહિનાની જેલની સજા કરી હતી.જો કે છેલ્લા સમાચારો જાહેર થયા તે મુજબ ભાગેડુ જજ ચેન્નાઈમાં તામિલનાડુ સરકારના ગેસ્ટ હાઉસમાં હતા.તેથી પોલીસનો કાફલો ચેન્નાઈ પહોચ્યો હતો પરંતુ ત્યાંથી તેઓ પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા.ચેન્નાઈથી ૧૦૦ કી.મી. દુર તિડિવનમ ખાતે તેઓ ગયા છે તેવા સમાચારો આવ્યા હતા.છેલ્લા મળેલા સમાચારો મુજબ તેઓ આંધ્રપ્રદેશના શ્રીકલાહસ્તિ ગામના મંદિરે ગયા હતા અને સાંજે ચેન્નાઈ પરત આવવાના હતા પરંતુ તેઓ પોલીસના હાથ લાગ્યા નહતા.તેમના મોબાઈલનો પત્તો મળ્યો નહોતો. સાથે સાથે કરનનના પર્સનલ સિક્યુરીટી ઓફીસર અને પોર્ટોકોલ ઓફીસર પણ તેઓની સાથે લાપતા છે.

તેઓ જે વાહનમાં ગયા છે તે પણ સરકારી છે અને સરકારી ડ્રાઈવર છે.પોલીસ બધા જ પ્રયત્નોમાં લાગી છે પરંતુ તેમનો પત્તો મળતો નથી.

વર્તમાન જજને જેલની સજા થઈ હોય તેવી આ પ્રથમ ઘટના છે.સુપ્રીમ કોર્ટે કોર્ટના તિરસ્કાર ના કેસમાં જસ્ટીસ કરનનને છ મહિનાની સજા ફટકારી છે. ચીફ જસ્ટીસ ખેહરના વડપણ હેઠળની સાત જજની બંધારણીય બેન્ચે મીડીયાને આ બાબતમાં કરનનના મંતવ્યો રજુ ન કરવાનો આદેશ કર્યો છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## બોકો હરામના પંજામાંથી નાઇજીરીયાની સરકારે અપહરણ કરાયેલી યુવતીઓને મુક્ત કરાવી

નાઈજીરીયાની સરકારે કહ્યુ હતું કે જેલમાં રહેલા ત્રાસવાદીઓને મુક્ત કરવાના બદલામાં બોકો હરામે બંધક બનાવી રાખેલ ૮૨ યુવતીઓને મુક્ત કરવા સમજુતી કરી હતી. બોકો હરામ સંગઠને ત્રણ વર્ષ પહેલાં જે ૩૦૦કન્યાઓનું અપહરણ કર્યુ હતું તે પૈકીની ૮૨ કન્યાઓ હવે મુક્ત થઈ છે.નાઈજીરીયાના પ્રમુખના કાર્યાલયે જણાવ્યા મુજબ બોકો હરામ સાથે થયેલી વાતચીતનું સાર્થક પરિણામ આવ્યું છે. બોકો હરામે બંધક બનાવી રાખેલી ૮૨ કન્યાઓને મુક્ત કરી છે.

નાઈજીરીયાની સરકારની સુરક્ષા એજન્સીને કેટલાક શકમંદ ત્રાસવાદીઓને મુક્ત કરવાના બદલામાં અપહૃત કન્યાઓને મુક્ત કરવામાં સફળતા મળી છે. બોકો હરામના ત્રાસવાદીઓએ ૧૪ એપ્રિલ,૨૦૧૪ના રોજ ચિબોક શહેરની એક સરકારી કન્યાશાળા પર હુમલો કરીને ૨૭૬ વિદ્યાર્થીનીઓનું અપહરણ કર્યુ હતું. તે પૈકી ૫૭ કિશોરીઓ તો અપહરણના ગણતરીના કલાકમાં જ અપહરણકર્તાઓની ચુંગાલમાંથી ભાગી છુટવામાં સફળ રહી હતી.પરંતુ ૨૧૯ કિશોરીઓ બોકો હરામના કબજામાં રહી હતી.

આ પહેલાં આંતરરાષ્ટ્રીય મધ્યસ્થીઓની મદદથી સરકારને ૨૧ કન્યાઓને મુક્ત કરાવવામાં સફળતા મળી હતી.મુક્ત થયેલી કન્યાઓ પ્રમુખ મહમદ બુહારીને મળી હતી.સેનેટર શેહુ સાનીએ જણાવ્યુ હતું કે બાકીની કન્યાઓને મુક્ત કરવાના પ્રયાસ ચાલુ છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે બોકો હરામ દ્વારા ઉપયોગમાં લેવાતા પ્રત્યેક પાંચ આત્મઘાતી હુમલાખોર પૈકી એક હુમલાખોર સગીર હોય છે.અને તે સગીર પૈકી અડધો અડધ કન્યા હોય છે.સંગઠનના જણાવ્યા પ્રમાણે બોકો હરામ દ્વારા થઈ રહેલા આત્મઘાતી હુમલામાં એક વર્ષમાં દસ ગણો વધારો થયો છે.આત્મઘાતી હુમલાખોર પૈકી દસ ગણી કન્યાઓ હોય છે.

## જમિયત ઉલમાએ કોમી એકતા પરિષદ : મુસ્લીમો માટે દેશભક્તિના કોઇ પુરાવાની જરુર નથી

જમિયતે ઉલમાએ-એ-હિંદના અમદાવાદ એકમ દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કોમી એકતા કોન્ફરન્સ યોજાઈ હતી.જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.આચાર્ય પ્રમોદ ક્રિશ્રમએ પરિષદને સંબોધતા જણાવ્યુ હતું કે જે લોકોએ ભારતની આઝાદીની લડાઈમાં કોઈ ફાળો આપ્યો નથી તે લોકો આઝાદીની લડાઈમાં શહીદી વ્હોરનારા મુસ્લીમો પાસે આજે દેશભક્તિના પુરાવા માંગી રહ્યા છે.વાસ્તવમાં ઈસ્લામ ધર્મમાં માતાના ચરણોમાં જન્નત હોવાનું કહ્યુ છે.ત્યારે ઈસ્લામ ધર્મમાં માનનારાઓ ધરતી માતાના વિરોધી હોઈ શકે નહીં. એટલે ભારતના મુસ્લીમોએ દેશભક્તિના પુરાવા આપવાની કોઈ જરુર નથી.

આચાર્ય પ્રમોદ ક્રિશ્નમએ જણાવ્યુ હતું કે ગાયની કતલ ગુજરાતમાં જ નહીં આસામ,ગોવા સહિતના બધાજ રાજ્યોમાં રોકાવી જોઈએ.દેશભરમાં ગાયોની કતલ રોકવા એકસમાન કાયદો લાવવામાં આવે.ગાય કપાય છે એટલે તે વેચાતી હશે તો વેચાણ કરનારા સામે જો સરકાર પગલાં ભરે તો બધો જ ઝગડો ખતમ થઈ જાય.કેન્દ્રની સરકાર ગંગા સફાઈની વાતો કરે છે પણ તેણે ત્રણ વર્ષમાં એકપણ ઈંચની સફાઈ નથી કરી.

જમિયત ઉલમા-એ-હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદનીએ કહ્યુ હતું કે સંગઠનને રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી.મુસ્લીમો સાથે ભેદભાવ પણ ના હોવો જોઈએ.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશભરમાં લાલુ પ્રસાદ યાદવ,તેમના કુટુબીજનો અને સહયોગીઓ પર પડેલા ઈન્કમટેક્ષના દરોડામાં ભાજપે કરેલા આક્ષેપો ગણાવાયા છે.અને સરકારે તેને ધ્યાનમાં લઈને લાલુ પ્રસાદને સાણસામાં ભીડાવ્યા છે.આક્ષેપો નબળા છે.શંકાઓ પરથી જેમ ગૌરક્ષો કોની પણ હત્યા કરી શકે છે તેમ આક્ષેપો અને શંકાઓને આધારે લાલુને હડફેટમાં લીધા છે. જ્યારે બીજી બાજુ પી.ચિદમ્બરમ અને તેમના પુત્રને પણ એજ રીતે સીબીઆઈની ઝપટમાં લીધા છે.

ભાજપના કેટલાક નેતાઓએ પણ સીબીઆઈના અને ઈન્કમટેક્ષના પોપટોનો સ્વાદ ચાખ્યો હતો અને તેનો ભુતકાળ અજાણ્યો નથી.પરંતુ આરોપો અને આક્ષેપો માં તફાવત છે.જો કે આવી ટેકનીકલ નબળાઈમાં સામાન્ય પ્રજાને સમજ પડતી નથી. પરંતુ સરકાર પોતે વિરોધીઓને ખેલ પાડી રહી હોવાનું મનાઈ રહ્યુ છે.ખેર,કાયદાની અદાલતોમાં ચુકાદાઓ આવતાં વર્ષોના વર્ષો વીતી જાય છે અને સત્ય સદંતર ભુલાઈ જાય છે.ખરેખર તો ઝડપી ન્યાય મળી શકે તેવા સાધનો અને સંશાધનો તૈયાર કરવા જોઈએ જેથી લોકોની લોકશાહીની શ્રધ્ધા અતુટ રહે.ન્યાય મળે છે તેવો વિશ્વાસ દઢ રહે.

ગુજરાતને ફાળે ઉત્સવો અને મહેમાનોની નવાજેશની કરવાની પરંપરા ચાલુ જ રહી છે. આ મહીનામાં વિદેશી મહેમાનોનો મોટો કાફલો આવવાનો છે.આજદિન સુધી વિદેશી મહેમાનો દિલ્હી સુધી આવતા અને પરત જતા રહેતા હતા.પરંતુ મોદીજી વડાપ્રધાન બન્યા બાદ વિદેશી મહેમાનો ગુજરાતમાં લવાયા છે અને તેમની ભારે આગતા સ્વાગતા કરવામાં આવી છે.પછી ચીનના પ્રમુખ ભલે પરત જઈને આપણા હિતો વિરુધ્ધ વાતો કરતા હોય.ગુજરાતીઓએ મેહમાનગતિને પુરા ઠાઠમાઠથી આવકારી છે .ખમણ અને ઢોકળાંને ઈન્ટરનેશનલ વાનગી બનાવી છે.ખેર,દેશના વિકાસમાં ભલે ક્રમ ગમે તે હોય પરંતુ મહેમાનગતિમાં ગુજરાત પ્રથમ ક્રમે છે તેને કોઇ પાછુ હઠાવી શકે તેમ નથી.

ગૌરક્ષો દ્વારા થતી મારપીટ અને હિંસા બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉગ્ર પ્રત્યાઘાતો આપ્યા તે સમાચાર પત્રો અને ઇલેકટ્રોનીક્સ મીડીયામાં પ્રસિધ્ધિ પણ પામ્યા હતા. જેમાં જણાવાયું હતું કે ગૌરક્ષોના નામે બનેલા સંગઠનો ગુંડાટોળીઓ છે અને તેમની સામે રાજ્ય સરકારોને સખ્ત હાથે કામ લેવાની સુચનાઓ અપાઇ રહી છે.પરંતુ થોડા વખત સુધી આ સમાચારોને કારણે ગૌરક્ષાના નામે ચરી ખાતા પરિબળોમાં ધાક ઉભી થઇ હતી. પરંતુ ધીમે ધીમે તે ઓછી થઇ ગઇ કારણકે સ્થાનિક રાજકારણીઓ અને પોલીસ ફરીથી આ ગુંડાટોળીઓની મદદ કરવા ચાલુ થઇ ગઇ.

તાજેતરમાં બનેલી કેટલીક ઘટનાઓ પરથી ફલિત થાય છે કે વડાપ્રધાનની ગૌરક્ષકો ના ગુંડાઓ સામે સખ્ત કાર્યવાહી કરવાની જે ટીપ્પણી હતી તે માત્ર ને માત્ર સામાન્ય લોકોને મુર્ખ બનાવવા માટેની હતી.ગાયનું પુંછડુ કાપ્યું છે તેવી શંકા ઉપરથી કેટલાક લોકોને સખ્ત માર મારવામાં આવ્યો અને હિંસા આચરવાનો પ્રયાસ કરવામાં આવ્યો અને તે પણ પોલીસ અને રાજકારણીઓની રહેમ નજર નીચે.હવે કાયદો અને વ્યવસ્થા જેવું ભાજપના રાજ્યમાં રહ્યું નથી ભાજપના લોકો જે કહે તે કાયદો અને કોઇને પણ સજા કરી શકે. મનોજભાઈ.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે) બિલ્ડર્સને ચીમકી આપી છે કે તેઓ માંસાહાર કરતા લોકોને ફ્લેટ આપવાનો ઇન્કાર કરી શકે નહીં.

મુંબઈમાં કેટલાક ડેવલપર્સ બિલ્ડર્સ તરફથી ચકાસણી કરવામાં આવે છે કે ફ્લેટ લેનાર માંસાહારી છે કે શાકાહારી અને જો ફ્લેટ લેનાર ગ્રાહક માંસાહાર કરતો હોય તો તેને ફ્લેટ આપવાનો ઈન્કાર કરી દેવામાં આવે છે.આ ઉપરાંત કેટલાક લઘુમતિઓને પણ સારા વિસ્તારમાં (પોશ) ફ્લેટ આપવાનો ઈન્કાર કરવામાં આવે છે.

રાજ ઠાકરેની પાર્ટી મનસેએ આરોપ લગાવ્યો છે કે મુંબઈના કેટલાક બિલ્ડર્સો એવા લોકોને ફ્લેટ આપવાના ઈન્કાર કરે છે જેઓ માંસાહારી છે.મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે)ના પદાધિકારી સંદીપ દેશપાંડેએ બિલ્ડર્સને લખેલા પત્રમાં કહ્યુ છે કે માંસાહારી હોવાના કારણે ગ્રાહકોને ફ્લેટ વેચવામાં આવતા નથી. દેશપાંડેએ બિલ્ડર્સને સંબોધીને લખેલા પત્રમાં લખ્યુ હતું કે અમને એવી ફરિયાદ મળી છે કે જાતિ,ધર્મ અને ખાનપાનની આદતને લઈને કેટલાક ગ્રાહકો સાથે ભેદભાવ કરવામાં આવે છે.તેમણે આ સાથે ચેતવણી આપી છે કે જો મનસેના આદેશને માનવામાં નહીં આવે તો તેમણે પાર્ટીની નારાજગીનો ભોગ બનવું પડશે.

આ પત્રની તત્કાળ પ્રતિક્રિયા મળી છે તેવું મનસેના સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતું. કે બિલ્ડર્સે લેખિત વિશ્વાસ આપ્યો છે કે કોઈની સાથે ભેદભાવ રાખવામાં આવશે નહી. છેલ્લા કેટલાક સમયથી જાતિ,ધર્મ,આહાર સાથેની બાબતોને લઈને કેટલાક સ્થાપિત હિતો મનમાની કરી રહ્યા છે.મનસેની ચેતવણી બાબત બિલ્ડર્સ લોબી જાગૃત બની છે.

## બોલિવુડની અભિનેત્રી કાજોલે મુકેલી વાનગી ડિશો મામલે ટીકાકારો તુટી પડ્યા

દેશમાં માંસ,મદિરા,મંદિર વિગેરે માટે તરફદારી કરનારાઓની આખી જમાત ઉભી થઇ ગઇ છે.બોલિવુડની અભિનેત્રી કાજોલે પોતાના ફેસબુક એકાઉન્ટ પર કરેલા એક લાઇવ પ્રસારણથી વિવાદ શરુ થયો અને ટીકાકારો તુટી પડયા.વિવાદ વધતાં કાજોલે તેનો વિડીયો ફેસબુક પરથી હટાવી લીધો.વીડીયોમાં કાજોલ પોતાના મિત્રોની સાથે ભોજનની એક વાનગી અંગે ઘણી રોમાંચિત હતી.જે ડિશ કાજોલ માટે વિવાદનું કારણ બની.

વાયરલ થયેલા વિડીયોમાં કાજોલે પોતાના મિત્રો સાથે નજરે પડે છે. અને આ દરમિયાન તે ડિશનો ઉલ્લેખ કરે છે તે બીફ છે.બાઉલમાં રાખેલી વાગની વિશે વાત કરતાં કાજોલ નજરે પડે છે. અને મિત્ર રેયાનને કહે છે કે સોને આ જણાવો કે આ ડિશ કઇ છે.તેના મિત્રએ લાઇવ વિડિયોમાં જણાવ્યુ હતું કે આ બીફ છે.વિવાદ વધતાં કાજોલે પોતાના આ વિડીયો અંગે ટ્વીટર પર સ્પષ્ટીકરણ પણ આપ્યુ છે.કાજોલે કહ્યુ હતું કે મારા એક વિડીયોમાં જણાવાયું છે કે ટેબલ પર બીફની ડીશ છે.તેને સમજવામાં ભુલ થઇ છે.તે બીફ (ભેસનું માંસ) હતું. જે કાયદાકીય રીતે આસાનીથી મળે છે.દેશમાં કોણે ક્યાં રહેવું,કેવા કપડાં પહેરવા કે શું ખાવું તે કોણ નક્કી કરશે અને તેમને આવી બાબતો નક્કી કરવાનો અધિકાર કોણે આપ્યો.

મનસેએ આવી બાબતોમાં ખુલ્લા મને આગળ આવીને આવી બાબતો રોકવી જોઈએ.દેશના નાગરિકો જેમને માંસાહાર કરવો છે તેમને તેની છુટ હોવી જોઈએ તેને કોઇ ખાસ વર્ગ અટકાવે કે તેની ટિપ્પણી પર તુટી પડે,માનસિક ત્રાસ આપે એમ ન બનવું જોઇએ.

મહારાષ્ટ્રમાં ભેસનું માંસ ઉપલબ્ધ છે. અને બીજી કેટલીક માંસાહારી વાનગીઓ ઉપલબ્ધ છે. વેજીટીયન પ્રત્યે હમદર્દી ધરાવનારાઓએ સમજવાની જરુર છે કે તેમને વેજીટેરીયન બનતા કે ખાતાં કોઇ રોકતું નથી. તો માંસાહાર કરતા લોકોને રોકવા કે ધુત્કારવા તે યોગ્ય નથી. પુરા વિશ્વમાં માંસાહાર કરાય છે પરંતુ તેનો છોછ માત્ર ભારતમાં કેટલાક કહેવાતા અધુરપ ધરાવનારા લોકોમાં છે તે દુર થવી જોઇએ.

## પાકિસ્તાન સાથે યોગ્ય સમય અને સ્થળે બદલો લેવાશે : ભારતીય સેનાની ગર્જના

પાકિસ્તાન તરફથી વારંવાર કરવામાં આવી રહેલા ઘાતક હુમલાઓ અને ભારતીય જવાનોના શિરચ્છેદ બાદ વાઇસ ચીફ ઓફ આર્મી સ્ટાફ શરદ ચંદે કહ્યુ હતું કે પાડોશી દેશને આ તેની બર્બરતા ભારે પડશે. તેમણે કહ્યુ હતું કે દેશના બે સૈનિકોના માથા કાપવાની કાયર હરકત પાકિસ્તાની સેનાની હતાશા દર્શાવે છે..અગાઉ પણ ભારતના બે જવાનોના માંથા કાપવામાં આવ્યા હતા.ડિરેકટર જનરલ ઓફ મીલીટરી ઓપરેશન્સે પાકિસ્તાની અધિકારીને ગંભીર ચેતવણી આપી હતી કે આ પાકિસ્તાની કૃત્ય ગંભીર પ્રતિસાદ આપવા જેવું અને આકરામાં આકરી નિંદાને લાયક છે.

ભારતીય સેના તરફથી પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરમાં સર્જીકલ સ્ટ્રાઇક કરવામાં આવી હતી. અને અનેક આતંકવાદી તાલિમ શિબિરોનો ખાતમો બોલાવાયો હતો.હાલમાં અંકુશ રેખા પાર ૩૫ થી૫૫ જેટલા આતંકી કેમ્પો સક્રિય છે તેનું ગુપ્તચર અહેવાલો જણાવે છે.

## ભારત પ્રદુષણ ફેલાવતો દેશ છે : અમેરિકી પ્રમુખ ટ્રમ્પનો આક્ષેપ

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પેરિસ સમજુતી મુદ્દે ભારત સહિત ચીન અને રશિયા જેવા મોટા દેશો પર પ્રહાર કર્યા હતા. પેન્સિલ્વેનિયામાં આયોજિત રેલીને સંબોધતાં તેમણે કહયુ હતું કે પેરિસ સમજુતી હેઠળ અમેરિકા ખર્વો ડોલર આપી રહ્યો છે.પરંતુ રશિયા,અમેરિકા અને ભારત જેવા પ્રદુષણ ફેલાવી રહેલા દેશો કાંઇ આપી નથી રહ્યા.તેમણે કહ્યુ હુતં કે પેરિસ સમજુતી સંદર્ભમાં આગામી બે સપ્તાહમાં તેઓ મોટો નિર્ણય લેશે.

રેલીને સંબોધતાં તેમણે ક્લાઇમેટ ચેન્જના મુદ્દે થયેલી આંતરરાષ્ટ્રીય સમજુતીને એકપક્ષી કહેતા ટ્રમ્પે કહ્યુ હતું કે નાંણાની ચુકવણી માટે અમેરિકાને ખોટી રીતે નિસાન બનાવવામાં આવે છે.તો બીજી તરફ પ્રદુષણ ફેલાવતા રશિયા,ચીન અને ભારત જેવા દેશોનું કોઇ યોગદાન નથી.

જળવાયું પરિવર્તનને મુદ્દે વર્ષ ૨૦૧૫માં સંયુક્ત રાષ્ટ્રની પરંપરાગત રૂપરેખા હેઠળ ૧૯૪ દેશોએ સમજુતી પર હસ્તાક્ષર કર્યા હતા. અને ૧૪૩ દેશોએ સમજુતી પ્રતિ પ્રતિબધ્ધતા જાહેર કરી હતી.વિશ્વના સરેરાશ જળવાયું તાપમાનને બે ડીગ્રી નીચુ લાવવાની નેમ સાથે આ સમજુતી થઇ હતી. ટ્રમ્પે દાવાપુર્વક કહ્યુ હતું કે સમજુતીનું પાલન કરતાં રહેવાથી અમેરીકી જીડીપીને આગામી દસ વર્ષ દરમિયાન ૨.૫ ટ્રિલિયન ડોલરનું નુકશાન થઇ શકે છે.તેનો અર્થ એટોલ જ દેશભરમાં ફેકટરી અને પ્લાન્ટસ બંધ થઇ જશે.મીડીયા બેઇમાન હોવાનું કહેતા ટ્રમ્પે કહ્યુ હતું કે મીડીયા આ અંગે રીપોર્ટ નહીં કરે.તેમણે કહયુ હતું કે તેમની સરકારે સો દિવસમાં ઐતિહાસિક પ્રગતિ સાધી છે.સરકાર એક પછી એક વચન પુર્ણ કરી રહી છે.લોકો ખુશ છે.

જો કે તેમનો વિરોધ શરુઆતમાં જે પુરજોશમાં ચાલ્યો હતો તેમાં હવે ઓટ આવી રહી છે.

## અમદાવાદના શ્રીનાથજી ગૌશાળામાંથી પશુઓને કતલખાને મોકલવાના કૌભાંડનો પર્દાફાશ : જીવદયાને નામે રળી ખાતા તત્વો સામે સમાજને લાલબત્તી ધરવી રહી

ગુજરાતમાં ઠેર ઠેર જીવદયાને નામે હાટડીઓ ખુલી ગયેલી છે.અને જ્યાં જુઓ ત્યાં ગૌરક્ષકોના નામે ચરી ખાતા કેટલાક અસમાજીક તત્વો છે જેમની સાંઠગાંઠ સત્તાધારી પક્ષના અને પોલીસ સાથેના સબંધો છે. પરિણામે ખરેખર જીવદયા થાય છે પછી જીવદયાને નામે ગાયમાતાઓને સીધી કસાઇઓને મોકલી દેવાય છે તે એક ચિંતાનો વિષય છે.

અખિલ ભારતીય સર્વદલીય ગૌરક્ષા મહાભિયાન સમિતિ કિશાન મંડળના રાષ્ટ્રીય અધ્યક્ષ બાબુ દેસાઇની કસાઇઓ સાથેની સાંઠગાંઠના સમાચારો સ્થાનિક સમાચાર પત્રોમાં પ્રગટ થતાં ખળભળાટ મચી ગયો છે.ગોલ્ડન ચોકડી પાસેથી ગૌરક્ષાના કાર્યકરોએ પોલીસની મદદથી ટ્રકમા ભરુચના કતલખાને ૬ ગાયો અને ૬ વાછરડાઓને લઇ જતી ટ્રક સહિત ચાલકની ધરપકડ કરી હતી.શહેરના ન્યુ વીઆઇપી રોડ પર રહેતા ગૌરક્ષા કાર્યકર જતીન વ્યાસની માહીતીને આધારે અખિલ ભારતીય સર્વદલીય ગૌરક્ષા મહાઅભિયાન સમિતિ કિશન મંડળના રાષ્ટ્રીય અધ્યક્ષ બાબુ કરશન દેસાઇ ગાયોને બીજા રાજ્યના પાંજરાપોળમાં મોકલવાના બહાને કતલખાનામાં સપ્લાઇ કરે છે તેના આરોપો મુક્યા બાદ નરોડા ગૌશાળાથી નિકળેલી ટ્રક નં.જીજે ૨૪વી ૮૮૫૧માં ગાયો કતલખાને જઇ રહી છે તે માહીતીથી પોલીસ અધિકારીઓએ બાતમીવાળી ટ્રક પકડી હતી.પોલીસ તપાસમાં એવી માહીતી બહાર આવી હતી કે ભરુચના ઇસ્માઇલ નામના કસાઇને ઢોરો આપવા માટે જતા હતા.પોલીસને બાબુ દેસાઇની સહી સાથેનું એક લેટર પેડ પણ મળ્યુ હતું. જેમાં પશુઓને મહારાષ્ટ્ર લઇ જવાતા હોવાની માહીતી હતી. સરકારે ગૌરક્ષા અને જીવદયાને નામે ચાલતી આવી બધી હાટડીઓની સુક્ષ્મ જાંચ કરવી જોઇએ અને તેમની કામગીરી તપાસવી જોઇએ.તેમણે ઉઘરાવેલા નાણાં અને તેમના હિસાબો પણ ચેક કરવા જરુરી છે.જેથી જેઓ જીવદયાને નામે લાખો રુપીયાનું દાન કરે છે તેમને તેમના દાન કેવી રીતે વપરાય છે તેની જાણકારી મળે.

## અમેરિકા ભારતને અપાતી આર્થિક સહાયમાં કાપ મુકશે તેવા સંકેતો

અમેરિકાએ વર્ષ ૨૦૧૮માં ભારતને મળનારી આર્થિક સહાયમાં કાપ મુકવાનું નક્કી કર્યુ છે.જો કે પાકિસ્તાનને મળી રહેલ ૨૦ કરોડ ડોલરની અમેરિકી સહાય યથાવત રહે છે.અમેરિકા તરફથી બીજા દેશોને અપાનારી સહાય અંગેના સંવેદનશીલ દસ્તાવેજો લીક થતાં આ જાણકારી બહાર આવી છે.પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતને અપાતી આર્થિક સહાયમાં કાપની બાબતને યોગ્ય માની પગલાં લઇ શકે છે.

જો કે ભારતે આ બાબતે દુ:ખ વ્યક્ત કર્યુ છે કે પાકિસ્તાનને સહાય ચાલુ રહેશે પરંતુ ભારતે અન્ય દેશોને સહાયની મોટી સખાવતો જાહેર કરે છે તેથી તેણે આવી સહાય પ્રત્યે નારાજગી વ્યક્ત કરવી ના જોઇએ.ભારતના વિકાસ કાર્ય માટે આપવામાં આવતી ૧.૯૨ કરોડ ડોલરની સહાય અને ઇકોનોમીક સપોર્ટ ફંડના રુપમાં આપવામાં આવતી ૮૨ લાખ ડોલરની સહાય સંપુર્ણ બંધ થશે.તે ઉપરાંત વૈશ્વિક આરોગ્ય ખર્ચ માટે અમેરિકા તરફથી આપવામાં આવતાં ભંડોળમાં પણ ૫૦ ટકાનો કાપ મુકવામાં આવશે.જો કે તેમાં પાકિસ્તાનનો સમાવેશ થાય છે.ચીનને વિકાસ કાર્યો માટે અપાતું ભંડોળ પણ બંધ કરવામાં આવશે તેવી શક્યતા છે.અમેરિકી વહીવટી તંત્ર સંરક્ષણ ખર્ચમાં ૧૦ ટકાનો વધારો કરીને તેને ૫૪ અબજ ડોલરની સપાટીએ લઇ જવા માંગે છે.તેના માટે સહાય કાપની યોજના તૈયાર થઇ છે.કાઉન્સીલ ઓફ ફોરેન રિલેશન્સમાં ભારત,પાકિસ્તાન અને દક્ષિણ એશિયા બાબતના વિશેષજ્ઞ આયરેસનું કહેવું છે કે ટ્રમ્પ વહીવટી તંત્રને તેઓ ભારત સમર્થક સમજતા હતા પરંતુ ભારતને સહાય કાપની યોજનાએ તેમને ચિંતામાં મુકી દીધા છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## લાજ વગરના લોકો સ્વાર્થના સાધક હોય છે

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઇ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછેવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઇ શકો છો,છતાં એમને કોઇ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઇક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઇએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઇન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઇ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઇપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઇપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઇ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઇ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઇ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઇ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઇપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઇ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઇ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઇ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઇ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઇ અધિકાર નથી એવું કોઇએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

## સુપ્રીમ કોર્ટે વર્તમાન સ્વરુપમાં જ લોકપાલ લાગુ કરવાનો આદેશ કર્યો

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારે લોકપાલ વિધેયક અમલ કરાવવા આદેશ કર્યો હતો.કોર્ટે કહ્યુ છે કે લોકપાલ વિધેયક વ્યવહારિક છે અને તેના અમલને અધ્ધર રાખવો એ ન્યાયોચિત નથી.જસ્ટીસ રંજન ગોગોઇ અને નવીન સિંહાની બેન્ચે આ નિર્ણય એક એનજીઓની અરજી પર સુનાવણી કરતાં જાહેર કર્યો છે. કોર્ટે સરકારના વિપક્ષના નેતા વિના આ બિલનો અમલ કરાવી શકાય નહી તેવા તર્કને નકારી કાઢ્યો હતો.કેન્દ્ર સરકારે કોર્ટને કહ્યુ હતું કે લોકપાલ વિધેયકમાં સુધારા કરાઇ રહ્યા છે.જેથી વિપક્ષી નેતા વિના જ તેનો અમલ કરાવી શકાય

એ પહેલા અદાલતે કેન્દ્ર સરકારને પુછ્યુ હતું કે લોકપાલ વિધેયક અત્યાસ સુધી અમલી કેમ બન્યું નથી ?કેન્દ્ર સરકારની દલીલ ઉપર અદાલતે તેનો તાકિદે અમલ કરવા માટે આદેશ કર્યો હતો .યાદ રહે કે લોકપાલની નિયુક્તિમાં થઇ રહેલા વિલંબના મામલે ૭ જનહીત યાચિકા દાખલ કરાઇ છે.એ તમામ અદાલત સમક્ષ એવી માંગ કરાઇ છે કે તે સરકારને તાકિદે લોકપાલની નિયુક્તિ કરા માટે આદેશ કરવામાં આવે.આ પહેલા ૨૮મી માર્ચે લગભગ બે કલાક સુધી ચાલેલી સુનાવણી દરમ્યાન એક અરજકર્તા કોમન કોઝ તરફથી દલીલ કરતાં વરિષ્ઠ વકિલ શાંતિભુષણે સરકાર પર એવો આરોપ લગાવ્યો હતો કે સરકાર જાણી જોઇને લોકપાલની નિયુક્તી પર વિલંબ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ૨૩ નવેમ્બર ૨૦૧૬ના રોજ સુપ્રીમ કોર્ટે લોકપાલના મુદ્દે જ કેન્દ્રની ઝાટકણી કાઢી હતી.તે સમયે કોર્ટે જણાવ્યુ હતું કે કોઇપણ કારણ અને તર્ક વગર કાયદાને માત્ર દસ્તાવેજોની વચ્ચે અટવાઇ જવા દેવાય નહીં.

### જાણવા જેવું !

૧૫મી સદીમાં રશિયાના પીટર ધ ગ્રેટે એક વિચિત્ર કાયદો પોતાના રાજ્યમાં દાખલ કર્યો હતો.જેમાં લોકોને તમાકુ પીવાનું ફરજીયાત બનાવી દેવામાં આવ્યું હતું.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# ગાયનું પુંછડુ પકડીને સૌ કોઇને પોતાની વેતરણી પાર કરવી છે




ગાય પ્રત્યેની હિંદુઓની શ્રધ્ધા અતુટ છે.ગાયમાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે.પરંતુ આજે રાજકીય આખલાઓને તેમાં ૯૦ કરોડ મત દેખાય છે.ગાયનું પુંછડું પકડીને સૌ રાજકીય પક્ષોને ચુંટણીની વેતરણી પાર કરવી છે.એટલે ગૌમાંસના મુદ્દે પક્ષો પાણીને બદલે યથા શક્તિ પેટ્રોલ છાંટી રહ્યા છે.યુપી /બિહારમાં ચુંટણીમાં ગૌમાંસ ખાનારા અને નહીં ખાનારા સૌ મત માટે ચરવા નીકળ્યા હતા.જેમા ગાયનું ઘાસ ચરી જનારા પણ છે.

લોકસભાની ચુંટણી સમયે પણ એક પીંક રીવોલ્યુશનનો મુદ્દો ચગ્યો હતો.આપણા નેતાઓ સાચુ જાણે છે છતાં ગાયનું જે થવાનું હોય તે થાય પણ તેમનુ તરભાણુ ભરો તેવો તકવાદી તાવ બધાજ પક્ષોને આવે છે.હવે મંદિર-મસ્જીદ મુદ્દાના બહુ ભાવ આવે તેમ નથી એટલે ચુંટણી માર્કેટમાં તેની બોલબાલા નથી.અને ગાય પક્ષોના હડફટે ચઢી ગઇ છે..આપણે ત્યાં હિંદુ,મુસ્લીમ,શીખ, ઇસાઇ,દલિત,આદિવાસી,ઓબીસી કે સવર્ણો છે,બધાજ માણસો નહી પણ બિચારા મતદારો છે.

આપણે ત્યાં પાણી લોકોપયોગી હોવાથી નદીને લોકમાતા તરીકે,હવાને વાયુદેવ તરીકે, પાણીને જળદેવ તરીકે, ખોરાકને અન્નદેવ તરીકે પુજવામાં આવે છે.એ રીતે ગાય પણ પૌરાણિક કાળમાં અર્થતંત્રની કરોડરજ્જુ હોવાથી માતા તરીકે પુજાય છે.પહેલા ગાયનું દુધ આહાર માટે, છાણ ખેતી માટે,મળ-મુત્ર દવા માટે અને તેના સંતાન બળદ ખેતી માટે મહત્વના હતા.એટલે તેને કામધેનુ કહેવામાં આવતી હતી.એટલે ગાય ગોપલક કૃષ્ણ સૌની શ્રધ્ધાનું કેન્દ્ર હતા.આજે તો ગાયના નામે ચરી ખાનારા કોઇ ગાય પાળતા નથી.ગાયના નામે બકવાસ કરતા ઘણા બધા તો એવા છે કે તેમને ત્યાં ગાય નસીબમાં ખાવાનું તો દુર રહ્યું, પણ એઠવાડ પણ હોતો નથી.ખેતીની પેઠે પશુપાલનમાં પણ પોષાય તેવું રહ્યું નથી.એટલે ગોપાલકોની સાથે ગાયોએ પણ શહેરોમાં સ્થળાંતર કર્યું છે. ગામડાઓમાં ગાયો માટે ગૌચર ખાસ હતા. પરંતુ રાજકીય માફિયાઓની બુરી નજરથી બચી શકયા નથી.બળદનું સ્થાન ટેકટ્રોએ લીધું છે. ગાયના બદલે ભેસનું ચલણ વધ્યું છે.દુધવાળા ગાય કરતાં ભેંસના દુધના ફેટના આધારે વધુ ભાવ આપે છે.દુધ ન આપતી વસુકી ગયેલ ગાયો પાળવાનું કોઇને પોષાતું નથી.પાંજરાપોળોની સ્થિતિ કપરી બનતી જાય છે.એટલે ગાયના નામે રાજકીય આખલાઓ ચરી ખાય છે.અને ગાયના નસીબમાં શહેરમાં પ્લાસ્ટીકની કોથળીઓ અને જે છાપાઓમાં ગૌમાંસનો વિવાદ છપાય છે તેના કાગળના ડુચા જ બચ્યા છે.આમ ગાય પ્રત્યેની શ્રધ્ધા અને ભકિતને સલામ કરવા જેવી છે.ગૌરક્ષકોની વધી ગયેલી ગુંડાગીરીને માટે વડાપ્રધાન મોદીએ સુચવેલું કે ગૌરક્ષા કરવી હોય તો તે જુઓ કે ગાય પ્લાસ્ટીકની થેલીઓ આરોગે નહી.તો પણ તે ગાયની મોટી સેવા ગણાશે.પણ તેના પ્રત્યે કર્તવ્ય સરકારો એ પ્રજા સહુ કોઇ ભુલ્યા છે.દેશના ૨૪ રાજ્યોમાં ગૌહત્યા પર પ્રતિબંધ છે.જ્યાં કાશ્મીર કે જ્યાં ગૌમાંસની હમણાં જાહેરમાં એક ધારાસભ્યે મિજબાની કરીને ગૌમાંસના નામે એક માનવીની હત્યા થઇને યુ.પી.માં અને હાલમાં ચુંટણી થઇ છે અને ત્યારબાદ યોગીના સમર્થકો કતલખાના બંધ કરાવવા અને માંસાહાર બંધ કરાવવા નીકળી પડ્યા છે. જેના કારણે અલ્હાબાદ હાઇકોર્ટે પોતાનો ચુકાદો આપ્યો છે કે કોઇને માંસાહાર કરતો રોકી શકાય નહી. બિહારમાં પણ આ કાયદો છે.પણ તેનો અમલ ગુજરાતમાં દારુબંધીના કાયદા જેવો થાય છે.દેશમાં ગીર,કાંકરેજ, શાહીબાલ,રાઠી અને થરપાકર એમ પાંચ ગાયોની મુખ્ય જાતો છે.પાંચની દશા આજે દેશમાં દયાજનક છે.ગુજરાતની સુપ્રસિધ્ધ ગીર ગાય આપણા દેશ કરતાં બ્રાઝિલમાં વધુ છે.

# યુપીમાં યોગીની હિન્દુ યુવા વાહિનીને વિખેરી નાંખવા સંઘનો આદેશ

યુપીમાં યોગી મુખ્યમંત્રી બન્યા બાદ તેમની સંસ્થા હિન્દુ યુવા વાહિનીની કેટલીક ગતિવિધિઓને કારણે દેશભરમાં ભારે ટીકાઓ થઇ.ગૌરક્ષા અને રોમિયો સ્કવોર્ડના નામે નિર્દોષ લોકોને હેરાન કરનારી આ સંસ્થાને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે વિખેરી નાંખવાનો આદેશ આપ્યો હતો.૨૦૦૨માં જેની સ્થાપના કરવામાં આવી હતી.તે યુવા વાહીની આરએસએસના કાર્ય અને અધિકાર ક્ષેત્રમાં આવતી નથી. અને આ સંસ્થામાં તેનો કોઇ આદેશ કે સુચના ચાલતાં નથી. સંઘ માને છે કે આ સંસ્થાનો પ્રભાવ વધી જશે તો ભવિષ્યમાં તેમના માટે તે જોખમી સાબિત થશે.સંઘના સુચનને ઘણો વખત થયો પરંતુ હજુ સુધી તેનો અમલ થયો નથી.યોગીના રાજકીય ઉદય ્ને સત્તાગ્રહણમાં હિન્દુ વાહીનીનો અગત્યનો ફાળો છે.સંઘની તેમના ઉત્થાનમાં કોઇ ભુમિકા નથી. છતાં સંઘે તેને વિખેરી નાંખવા આદેશ આપ્યો છે.



સમગ્ર વિશ્વમાં આતંકવાદનો ઝંડો લહેરાવાનો પ્રયત્ન કરનાર ઇસ્લામિક સંગઠન પર ચારેબાજુએથી પ્રહાર થતાં હાલમાં તેમના વળતા પાણી થયાં છે.જો કે સંગઠનનો પ્રચાર અને પ્રસાર બીજી અનેક વિસ્તારોમાં પ્રસરતો જોવા મળ્યો છે.અદ્યતન શસ્ત્ર સરંજામોથી સજ્જ અને તાલીમ પામેલા યુવાનોને કારણે આઇએસ પોતાનુ વર્ચસ્વ બનાવી રાખ્યુ છે.આવો એક કાફલો સીરીયામાં ફરી રહ્યો હતો જેનુ ચિત્ર મીડીયામાં મુકવામાં આવ્યું હતું. આતંકીઓના ભયે શેરીઓ ખાલી દેખાઇ રહી છે.

# મોદી સરકાર મારો અવાજ દબાવવા પ્રયત્ન કરી રહી છે : પુર્વ નાણાંમંત્રી પી.ચિદામ્બરમ

પુર્વ કેન્દ્રીય નાણાં મંત્રી પી.ચિદમ્બરમે પોતાના અને પુત્ર કાર્તિ સાથે સબંધિત ઠેકાણા પર સીબીઆઇના દરોડ બાદ કહ્યુ હતું કે મોદી સરકાર સામેના તેમનો અવાજ દબાવવા માટે આમ કરવામાં આવી રહ્યું છે.તેમના પુત્ર કાર્તિ ચિદમ્બરમે આક્ષેપ કર્યો હતો કે રાજકીય દ્વેષ અને કેન્દ્ર સરકારની સામે તેમના પિતાનો અવાજ દબાવવા માટે આ કેસ કરાવવામાં આવી રહ્યો છે.અને તેમની સંપત્તિો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

ચિદમ્બરમે નિવેદન કરીને વિદેશી રોકાણ પ્રોત્સાહન બોર્ડ દ્વારા આઇએનએકસ મીડીયાને મંજુરી આપવામાં કોઇ પણ પ્રકારની ગરબડ કરાઇ હોવાનો ઇન્કાર કર્યો હતો.તેમણે કહ્યુ હતું કે એફઆઇપીબીની મંજુરી અનેક કેસોમાં આપવામાં આવી હતી. તેમાં પાંચ સચિવ અને અન્ય અધિકારીઓ,સરકારી કર્મચારીઓ સામેલ છે.હું જ્યારે નાણાંમંત્રી હતો ત્યારે દરેક કેસોમાં નિયમો હેઠળ કાર્યવાહી કરવામાં આવતી હતી.અને એફઆઇપીબીની ભલામણના આધારે જ મંજુરી કે નામંજુરી અપાઇ હતી.ચિદમ્બરમે આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતૃત્વ વાળી લોકશાહી ગઠબંધન સરકાર મારા પુત્ર અને તેના મિત્રોને નિશાન બનાવીને સીબીઆઇ અને અન્ય તપાસ સંસ્થાઓનો ઉપયોગ કરી રહી છે.

પી.ચિદમ્બરમ કોગ્રેસના વરિષ્ઠ નેતા છે. કોગ્રેસે બારતીય જનતા પાર્ટીની સરકાર પર બદલાનું રાજકારણ કરવાનો આક્ષેપ મુકતાં કહ્યુ હતું કે પાર્ટી પુર્વ કેન્દ્રીય નાણાં મંત્રી પી.ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિ ચિદમ્બરમના રહેણાંકો પર સીબીઆઇના દરોડા પડાવવા જેવી હરકતો સામે ઝુકશે નહીં.તેણે ભાજપ સરકારનો ત્રણ વર્ષનો કાર્યકાળ નિષ્ફળ રહ્યો હોવાનો પણ દાવો કર્યો હતો.કોગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રણ વર્ષના કાર્યકાળને સંપુર્ણ રીતે નિષ્ફળ બતાંવતા કહ્યુ કે હકીકત એ છે કે બદલો એ ભાજપનું ડીએનએ થઇ ગયો છે.

સીબીઆઇ કોઇપણ સરકારના રાજ્યમાં પોપટનું કામ કરે છે તેવુ ભાજપ પર કહેતુ હતુ અને આજે કોગ્રેસ પણ કહેછે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.